દિવ્ય ભાસ્કર , પાના નં.૦૪, તા.૨૬.૦૩.૨૦૨૫

### માર્ચ-26 સુધીમાં મહાત્મા મંદિર સુધીના રૂટની કામગીરી પૂરી કરી દેવાશે

# સચિવાલય તેમજ સેક્ટર-10એ રૂટ પર દિવાળી પહેલાં મેટ્રો દોડતી થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

હાલ સેક્ટર-1 સુધી મેટ્રો દોડે છે. સચિવાલય સુધી મેટ્રો જાય તે માટે ટ્રેક તેમજ સ્ટેશનની કામગીરી ચાલે છે અને 4થી 5 મહિનામાં સ્ટેશન, ટ્રેકની સાથે ઈલેક્ટ્રીફિકેશનનું કામ પૂરું કરી મેટ્રો દોડાવાશે.

જ્યારે ફેઝ-2માંની મહાત્મા મંદિર સુધીની કામગીરી માર્ચ 2026 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે. જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, અમદાવાદમાં ફેઝ-1માં સાબરમતી રેલવે સ્ટેશન ખાતે મેટ્રો સ્ટેશનની કામગીરી સિવાય અન્ય તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જ્યારે ફેઝ-2માં મોટેરાથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધી કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરમાં સેક્ટર-1 બાદ સચિવાલય સુધી મેટ્રો માટે હાલ સેક્ટર 10-એ અને સચિવાલય સ્ટેશનનું તેમજ વાયડકટનું કામ લગભગ પૂર્ણ થવા આવ્યું છે. દિવાળી પહેલા સચિવાલયના લોકો માટે મેટ્રો શરૂ કરી દેવાય તેવી શક્યતા છે. જ્યારે તેની આગળ અક્ષરધામ, જૂના સચિવાલય, સેકટર 16, સેકટર 24 તેમજ મહાત્મા મંદિર સુધીના રૂટ તેમજ સ્ટેશનની કામગીરી ચાલે છે અને હાલ આ રૂટ પર પણ 60થી 70 ટકા જેટલું કામ થઈ ચૂક્યું છે.